# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 20-06-2025** **Morning: 7.45 TO 7.55**
**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બિહાર અને ઓડિશામાં વિવિધ વિકાસ પરિયોજનાઓનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે
2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આજે દહેરાદૂનમાં વિવિધ પરિયોજનાઓનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે
3) ઈરાન અને ઈઝરાયેલ વચ્ચેનો સંઘર્ષ વધુ તીવ્ર બન્યો.
4) 5 વર્ષ બાદ આજથી સિક્કિમમાં કૈલાસ માનસરોવર યાત્રાનો આરંભ.
5) ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે પાંચ મેચની ક્રિકેટ ટેસ્ટ શ્રેણીની પ્રથમ મેચ આજે લીડ્સ ખાતે રમાશે.

****************************************************

(હવે પછી આપ એક વાગીને વીસ મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# PM VISIT BIHAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બિહારની મુલાકાતે છે. તેઓ સિવાન જિલ્લાના પંચરૂખી બ્લોકના જસૌલી ખાતે એક જાહેર સભાને સંબોધિત કરશે. શ્રી મોદી જસૌલીથી વિડીયો કોન્ફરન્સ દ્વારા શહેરી વિકાસ, ગટર વ્યવસ્થા, પ્રધાનમંત્રી આવાસ યોજના અને રેલ્વે સંબંધિત પાંચ હજાર ૯૦૦ કરોડથી વધુના વિવિધ વિકાસ પરિયોજનાઓનું લોકાર્પણ અને ખાતમૂહૂર્ત કરશે.

પ્રધાનમંત્રી આ ક્ષેત્રમાં રેલ માળખાગત વિકાસ માટે બિહાર અને ઉત્તરપ્રદેશને જોડતા 400 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થનાર નવા વૈશાલી - દેવરિયા રેલવે લાઇન પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કરશે. તેઓ આ રૂટ પર એક નવી રેલવે સેવાનું પણ ઉદ્ઘાટન કરશે. તેઓ પાટલીપુત્ર અને ગોરખપુર વચ્ચે મુઝફ્ફરપુર અને બેતિયા થઈને વંદે ભારત એક્સપ્રેસને પણ લીલી ઝંડી આપશે

પ્રધાનમંત્રી સારણ જિલ્લામાં મઘૌરા પ્લાન્ટમાં ઉત્પાદિત અત્યાધુનિક રેલવે એન્જિનનું પણ ઉદ્ઘાટન કરશે. આ ફેક્ટરીમાં ઉત્પાદિત આ પ્રથમ નિકાસ રેલવે એન્જિન છે. આનાથી પશ્ચિમ આફ્રિકન દેશ ગિનીમાં નિકાસ શક્ય બનશે.

પ્રધાનમંત્રી મોદી ગંગા નદીના સંરક્ષણ અને પુનર્જીવિત કરવાની પ્રતિબદ્ધતા અનુસાર નમામી ગંગે પ્રોજેક્ટ હેઠળ છ સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું ઉદ્ઘાટન કરશે. આ પ્રોજેક્ટનો ખર્ચ એક હજાર આઠસો કરોડ રૂપિયાથી વધુ થયો છે. તેઓ બિહારના વિવિધ શહેરો માટે ત્રણ હજાર કરોડ રૂપિયાના ખર્ચે પાણી પુરવઠા, સ્વચ્છતા અને ગટર શુદ્ધિકરણ પ્લાન્ટ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ પણ કરશે. શ્રી મોદી પ્રતિ કલાક 500 મેગાવોટ ક્ષમતા ધરાવતી બેટરી ઉર્જા સંગ્રહ પ્રણાલીનો શિલાન્યાસ કરશે. આ સિસ્ટમ રાજ્યના મુઝફ્ફરપુર, મોતીહારી, બેતિયા અને સિવાન સહિત 15 ગ્રીડ સબ-સ્ટેશનમાં સ્થાપિત કરવામાં આવશે. શ્રી મોદી પ્રધાનમંત્રી આવાસ યોજના-શહેરીના 53 હજાર છસોથી વધુ લાભાર્થીઓને યોજનાનો પ્રથમ હપ્તો પણ જારી કરશે. પ્રધાનમંત્રી આ યોજના હેઠળ પૂર્ણ થયેલા છ હજાર છસોથી વધુ ઘરોના ગૃહ પ્રવેશ સમારોહના ભાગ રૂપે કેટલાક લાભાર્થીઓને ઘરોની ચાવીઓ પણ સોંપશે.

. . . . . . . . . . . . . . . . . . .

# PM ODISHA VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બપોરે ઓડિશામાં મુખ્યમંત્રી મોહન ચરણ માઝીના નેતૃત્વ હેઠળ ઓડિશામાં પહેલી ભાજપ સરકારના એક વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે ભુવનેશ્વરના જનતા મેદાન ખાતે રાજ્ય સ્તરીય સમારોહમાં ઉપસ્થિત રહેશે.

આ પ્રસંગે તેઓ અઢાર હજાર 600 કરોડ રૂપિયાથી વધુના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ પણ કરશે. આ પ્રોજેક્ટ્સમાં પીવાનું પાણી, સિંચાઈ, કૃષિ અને આરોગ્ય માળખાગત સુવિધાઓ, ગ્રામીણ રસ્તાઓ અને પુલો, રાષ્ટ્રીય ધોરીમાર્ગોના ભાગો અને કેટલાક રેલ્વે પ્રોજેક્ટ્સ સહિત મહત્વપૂર્ણ ક્ષેત્રોનો સમાવેશ થાય છે. ઓડિશાના અનેક કેન્દ્રીય મંત્રીઓ, રાજ્ય મંત્રીઓ, સાંસદો અને ધારાસભ્યો ઉપરાંત રાજ્યના તમામ ૧૪૭ વિધાનસભા ક્ષેત્રોના પક્ષના કાર્યકરો ઓડિશા સરકારના વર્ષગાંઠ સમારોહમાં ભાગ લેશે. પ્રધાનમંત્રીની સુનિશ્ચિત મુલાકાતને પગલે રાજ્ય સરકારે ભુવનેશ્વર અને કટકની તમામ શાળાઓમાં રજા જાહેર કરી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PRESIDENT-UTTARAKHAND-VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ત્રણ દિવસની મુલાકાતે દેહરાદૂન પહોંચ્યા છે ઉત્તરાખંડના રાજ્યપાલ લેફ્ટનન્ટ જનરલ ગુરમિત સિંહ અને મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી સહિત અન્ય મહાનુભાવોએ એરપોર્ટ પર તેમનું સ્વાગત કર્યું હતું. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે રાષ્ટ્રપ્રમુખ નિકેતન ખાતે વિવિધ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. તેઓ રાષ્ટ્રપતિ પાર્કનો ખાતમુહૂર્ત પણ કરશે. રાષ્ટ્રપતિ નિકેતન અને રાષ્ટ્રપતિ તપોવન 24 જૂનથી સામાન્ય લોકો માટે ખુલ્લા મુકાશે. રાષ્ટ્રપતિની મુલાકાતને ધ્યાનમાં રાખીને દેહરાદૂન ખાતે કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# REV. MORN. AMIT SHAH-BENGALURU

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે બેંગલુરુમાં આદિચુંચનગિરી યુનિવર્સિટીના નવા કેમ્પસનું ઉદ્ઘાટન કરશે. શ્રી શાહે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે તેઓ યુનિવર્સિટીના બેંગલુરુ કેમ્પસના ઉદ્ઘાટન સમારોહમાં હાજરી આપશે. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રીઓ એચ.ડી. કુમારસ્વામી અને વી. સોમન્ના અને રાજ્યના ઉચ્ચ શિક્ષણ મંત્રી ડૉ. શરણપ્રકાશ પાટિલ અને વિરોધ પક્ષના નેતા આર. અશોક પણ ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે યુનિવર્સિટીના કુલપતિ અને આદિચુંચનગિરી મઠના વરિષ્ઠ ધર્મગુરુ ડૉ. નિર્મલનંદનાથ સ્વામી, જગતગુરુ સ્વામી પરમથમાનંદ અને મદારા ચેન્નઈ સ્વામી ઉપસ્થિતરહેશે. નવા યુનિવર્સિટી કેમ્પસમાં મેડિકલ કોલેજ અને હોસ્પિટલ, નર્સિંગ, ફિઝીયોથેરાપી અને આરોગ્ય વિજ્ઞાન સંબંધિત સંસ્થાઓ છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# DNA MATCHING UPDATE

અમદાવાદ વિમાન દુર્ઘટનાના 217 મૃતકોના DNA નમૂના મૅચ થયા છે. જ્યારે અત્યાર સુધી 199 પાર્થિવ શરીર મૃતકોના સ્વજનોને સોંપવામાં આવ્યા છે. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે સોશિયલ મીડિયા પર આ અંગે માહિતી આપી. તેમણે કહ્યું, બાકી રહેલા નશ્વર અવશેષો ટૂંક સમયમાં સોંપવામાં આવશે.

સિવિલ હૉસ્પિટલના સુપરિન્ટન્ડન્ટ ડૉક્ટર રાકેશ જોષીએ ગઈકાલે જણાવ્યું, અત્યાર સુધી જેમના પાર્થિવ શરીર સ્વજનોને સોંપાયા છે. તેમાં 149 ભારતીય, 32 બ્રિટિશ, સાત પોર્ટુગીઝ, એક કેનેડિયન અને નવ અન્ય સ્થાનિકોનો સમાવેશ થાય છે. જ્યારે 15 જેટલા પાર્થિવ દેહને હવાઈ માર્ગે, 183 જેટલા પાર્થિવ દેહને સડક માર્ગે તેમના નિવાસસ્થાને પહોંચાડાયા.

આ દુર્ઘટનામાં જીવ ગુમાવનારા પૂર્વ મુખ્યમંત્રી સ્વર્ગીય વિજય રૂપાણીને શ્રદ્ધાંજલિ આપવા આજે ગાંધીનગરમાં પ્રાર્થના સભા યોજાશે. ભારતીય જનતા પાર્ટીએ સોશિયલ મીડિયા પર જણાવ્યું, કોબામાં પક્ષના પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ્ ખાતે સાંજે ચાર-થી સાત વાગ્યા સુધી આ પ્રાર્થના સભા યોજાશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# ASHWINI VAISHNAV RUSSIA

કેન્દ્રીય રેલ્વે, માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે ગઈકાલે સેન્ટ પીટર્સબર્ગમાં રશિયાના નાયબ પ્રધાનમંત્રી એલેક્સી ઓવરચુક સાથે મુલાકાત કરી હતી. આ બેઠક મુખ્યત્વે પરિવહન, કનેક્ટિવિટી, માળખાગત સુવિધાઓ અને દુર્લભ ધાતુઓ જેવા ક્ષેત્રોમાં સહયોગ વધારવા પર કેન્દ્રિત હતી. શ્રી વૈષ્ણવે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે આ બેઠક સકારાત્મક અને ફળદાયી રહી. સેન્ટ પીટર્સબર્ગમાં ભારતના કોન્સ્યુલેટ જનરલની સોશિયલ મીડિયા પોસ્ટ અનુસાર, શ્રી વૈષ્ણવ આંતરરાષ્ટ્રીય આર્થિક મંચમાં ભાગ લેવા માટે રશિયાના સેન્ટ પીટર્સબર્ગમાં છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# YOGA DAY-COUNTRY

૧૧મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી માટે સંસ્કૃતિ મંત્રાલય દેશભરના ૧૦૦ પ્રવાસન-કેન્દ્રિત સ્થળો અને ૫૦ થી વધુ સાંસ્કૃતિક સ્થળોએ યોગ સત્રોનું આયોજન કરશે. મુખ્ય કાર્યક્રમ વિશાખાપટ્ટનમમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ની ઉપસ્થિતિમાં યોજાશે

. . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# IRAN - NETANYAHU

છેલ્લા સાત દિવસથી ચાલી રહેલા ઈરાન અને ઈઝરાયલ વચ્ચેનું યુદ્ધ વધુ ઉગ્ર બન્યું છે. ઈઝરાયલે ગઈકાલે તેહરાનમાં ઈરાનના આંતરિક સુરક્ષા મુખ્યાલયને નિશાન બનાવ્યું હતું, જ્યારે ઈરાને દક્ષિણ ઈઝરાયલમાં એક હોસ્પિટલ પર મિસાઈલ હુમલો કર્યો હતો. બંને દેશો એકબીજાના મહત્વપૂર્ણ સ્થાપનોને નિશાન બનાવી રહ્યા છે. તાજેતરના ઇતિહાસમાં બંને દેશો વચ્ચે સીધા લશ્કરી મુકાબલાનો આ સૌથી ઘાતક તબક્કો છે.

ગઈકાલે ઈઝરાયલી સેનાએ તેહરાન અને કરાજમાં સરકારી સંસ્થાઓ અને પાયમ હમાઈમથક પર મિસાઈલ હુમલા કર્યા હતા. દક્ષિણ ઈઝરાયલમાં બીરશેબામાં સરોકા હોસ્પિટલ પર ઈરાનના હુમલા પછી આ હુમલા કરવામાં આવ્યા હતા. આ હોસ્પિટલ ઈઝરાયલી સૈનિકોની સારવાર માટેનું મુખ્ય સ્થળ છે. હોસ્પિટલને ભારે નુકસાન થયું છે, પરંતુ ઈરાની હુમલાના ભયને કારણે હોસ્પિટલના મોટાભાગના ભાગો અગાઉથી ખાલી કરાવી લેવામાં આવ્યા હોવાથી જાનહાનિ ઓછી થઈ છે.

ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેનઈએ અમેરિકાને ચેતવણી આપી છે કે જો તે યુદ્ધમાં જોડાશે તો તેના ગંભીર પરિણામો ભોગવવા પડશે. યુરોપિયન દેશોએ ઈરાનના પરમાણુ કાર્યક્રમને રોકવા પર ભાર મૂક્યો છે અને બંને દેશોને તણાવ ઘટાડવા માટે રાજદ્વારી માધ્યમો અપનાવવા કહ્યું છે. ઈરાનના પરમાણુ કાર્યક્રમ પર નવેસરથી વાટાઘાટો શરૂ કરવાની માંગ વધી રહી છે. દરમિયાન, યુરોપિયન સંઘે ઈરાન અને ઇઝરાયલથી પોતાના નાગરિકોને બહાર કાઢવાના પ્રયાસો ઝડપી બનાવ્યા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MORN. KMY – SIKKIM

કૈલાશ માનસરોવર યાત્રાનો આજથી સિક્કિમથી આરંભ થઈ રહ્યો છે. રાજ્યપાલ ઓમ પ્રકાશ માથુર સવારે પોણા નવ વાગ્યે નાથુલાથી 36 યાત્રાળુઓના જૂથને લીલી ઝંડી આપશે. પર્યટન અને નાગરિક ઉડ્ડયન વિભાગના અધિક મુખ્ય સચિવ સીએસ રાવે જણાવ્યું હતું કે રાજ્યપાલ યાત્રાળુઓ સાથે પણ વાતચીત કરશે. તેમણે કહ્યું કે સરળ યાત્રા સુનિશ્ચિત કરવા માટે વિવિધ વિભાગો સાથે મળીને કામ કરી રહ્યા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# INDIA ENGLAND CRICKET TEST

ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે આજથી પાંચ મેચની ટેસ્ટ ક્રિકેટ શ્રેણી શરૂ થશે. આજે પહેલી મેચ લીડ્સના હેડિંગ્લી ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે રમાશે. આ મેચ ભારતીય સમય મુજબ બપોરે ૩:૩૦ વાગ્યે શરૂ થશે. વિરાટ કોહલી, રોહિત શર્મા અને આર.અશ્વિન જેવા અનુભવી ખેલાડીઓએ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધા બાદ, ભારતીય યુવા ટીમ શુભમન ગિલના નેતૃત્વમાં મેચ રમશે

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે નિકીતા શાહ

તમામ અખબારોએ ઈરાને કરેલા હુમલા અને જસ્ટિસ વર્માને ત્યાંથી મળેલી રોકડના સમાચારોને મુખ્યશીર્ષકમાં સ્થાન આપ્યું છે.

ગુજરાત સમાચારનું મુખ્યમથાળું છે, જસ્ટિસ વર્માનો સ્ટૉર રૂમ નોટોથી ભરેલો હતો. કોઈને જવાની મંજૂરી નહોતી. દિવ્ય ભાસ્કર લખે છે, જસ્ટિસ વર્માના અંગત સ્ટાફે સળગી ગયેલી રોકડ સગેવગે કરી હતી: રિપોર્ટ

સંદેશનું મુખ્યશીર્ષક છે, ઇરાને ઈજરાયેલની હોસ્પિટલ, સ્ટોક એક્સચેજ ફુંકી માર્યા..

નવગુજરાત સમય લખે છે – ઈરાનનો ઈજરાયેલમાં હોસ્પિટલ સ્ટોક એક્સચેન્જ પર હુમલો..

ફૂલછાબે ભારત-પાક યુદ્ધ મેં નથી રોક્યું: ટ્રમ્પની કબૂલાત અને ખમેનેઇને ખતમ કરવાની ધમકી આપતું ઈઝરાયેલ..ને મુખ્યશીર્ષક બનાવ્યું છે.

સ્થાનિક સમાચારોમાં.. રહેણાંકની જગ્યામાં મંજૂરી વિના PG ચલાવવા પરવાનગી આપી શકે નહીં .. વિસવાદર- કડી વિધાનસભા પેટા ચુંટણીમાં અનુક્રમે 56 આને 57 ટકા મતદાન.. અમદાવાદમાં મોડી રાત્રે પડેલા 3 ઇંચ વરસાદ.. બી જે મેડિકલ ના 4 મૃતક વિદ્યાર્થીના પરિવારને એક-એક કરોડ રૂપિયા આપશે. જેવા સમાચારને સમવાયા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .